જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૭/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૪૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૪	૦	૧૧૬૩૪	૧૭૭૪૫	૦	૧૭૭૪૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૨	૦	૧૦૨	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૫૬૩૫	૧૨૦	૬૫૭૫૫	૬૬૨૭૯	૧૭૩	૬૬૪૫૨
કુલ		૮૨૧૦૩	૧૨૦	૮૨૨૨૩	૯૦૬૪૩	૧૭૩	૯૦૮૧૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૯	૨૬,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૭૫	૧૧,૭૫,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન

લેપટોપ ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી ગુજ.યુનિ.પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ ડો.રવિન્દ્ર પટેલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ખ" વિભાગ એલ.બી.ઝાલા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા સારુ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે **પોલીસ ઇન્સ્પેકટરશ્રી વિ.જે.જાડેજા** ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ એ.એસ.આઈ ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.ન-૫૪૦૮ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે તા-૨૪/૦૭/૨૦૨૧ ના પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમા હતા દરમ્યાન ખાનગી રાહે ચોક્કસ સંયુક્ત બાતમી હકીકત આધારે એક ઇસમને ચોરી કરેલ લેપટોપ સાથે પકડી લઇ ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.ન-૧૧૧૯૧૦૧૭૨૧૧૦૨૬/૨૦૨૧ ધી.ઈ.પી.કો કલમ-૩૮૦ મુજબના ગુનાના કામે ચોરીમાં ગયેલ લેપટોપ સાથે આરોપીને પકડી પાડી ગુનાના કામે લેપટોપ કબજે કરી અત્રેના પો.સ્ટે.નો ગુનો ડીટેક્ટ કરી ગુજ.યુનિ.પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કબ્જે કરેલ મુદ્દામાલ

એક કાળા કલરનુ HCL કંપનીનુ લેપટોપ જેની કિ.રુ.૭૦૦૦/- ની ગણી શકાય તે

શોધાયેલ ગુનો

ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૧૧૦૨૬/૨૦૨૧ ધી ઈ.પી.કો કલમ-૩૮૦ મુજબ

કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ

(૧) એ.એસ.આઈ ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.ન-૫૪૦૮ (૨) પો.કો.શક્તિસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૭૧૭૮ (૩) પો.કો.ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.નં.૭૨૮૫ (૪) પો.કો.નિલેશભાઇ કેશવલાલ બ.નં.૫૯૩૨ (૫) પો.કો.દિગ્વીજયસિંહ લક્ષ્મણસિંહ બ.નં.૧૦૨૭૨ (૬) વુ.પો.કો.નિર્મળાબેન વિનુભાઇ બ.નં.૬૯૫૦ (૭) **પો.કો** લોકરક્ષક વિશાલભાઇ જયેશભાઇ બ.નં.૧૨૫૬૬ (૮) પો.કો.વિજયકુમાર મણીલાલ બ.નં.૮૩૫૭

આરોપીનુ નામ:-

શાન મોહંમદ મોહંમદ અસ્ફાક રાજપુત ઉ.વ.૩૮ ધંધો.મજુરી રહે.મ.નં.૪૬૯, બી બ્લોક, ગલી નં.૨૦, શ્રી રામ કોલોની, રાજીવનગર, ખજુરી ખાસ, ઉત્તર પુર્વ દિલ્હી





જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

જુગારનો કવોલીટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગ અનુસંધાને અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી અસામાજીક પ્રવૃતીઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે પો.ઇન્સ.સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી એન.પી.ગરાસીયા સા.નાઓની સુચના અન્વયે અ.હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ તથા અ.પો.કો. કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા અ.પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા અ.પો.કો.બુધાભાઇ મેરાભાઇ બ.નં.૭૩૭૩૧૯ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના અ.પો.કો.વજાભાઇ દેહુરભાઇ તથા અ.પો.કો. કમલેશકુમાર હસમુખલાલ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી નં (૧) વસીમભાઇ યાસીનભાઇ જાતે શેખ ઉ.વ-૨૧ રહે- ખ્વાજાનગર, ન્યુ ફૈસલનગર, ખ્વાજા મસ્જીદની સામે, બોમ્બેહોટલ, દાણીલીમડા, અમદાવાદ શહેર + ૦૬ = ૦૭ નાઓ ભેગા મળી ગોળ કુંડાળુ વળી ગંજી પાના પૈસાથી હારજીતનો જુગાર રમી રમતા ગંજી પાના કુલે નંગ-૫૨ કિ,રૂ.૦૦/૦૦ તથા અંગજડતીના મળેલ રોકડ નાંણા રૂપિયા ૯૬૨૦/- તથા દાવના રૂ.૨૧૩૦/- તથા અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૭ કિ,રૂ.૩૭,૫૦૦/- મળી કુલ્લે કિ,રૂ,૪૯,૨૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ જુગારનો કવોલીટી કેસ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૦ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૮ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૪૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૪૫/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતી અઠ્યાવીસ વર્ષની યુવતીએ તા.૨૪/૦૭/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આ યુવતીએ શાદી ડોટ કોમ માં રેજીસ્ટ્રેશન કરાવેલ હતુ. તા.૨૯/૦૫/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૩૧૯૭૦૦૫૦૩૧૯૮૭ ના ધારકે આ યુવતીને ફોન કરી પોતાનુ નામ વિહાન મહેતા જણાવી નેધરલેન્ડ ખાતે હારપેન્ડેન પ્રાઈવેટ ડેન્ટીસ્ટ ક્લીનીક ધરાવી ડોક્ટર હોવાની ઓળખ આપી હતી. ત્યારબાદ આ યુવતી સાથે વિહાન મહેતા નામની વ્યક્તિએ ઈન્ટરનેટના માધ્યમથી વાતચીત કરી હતી તેમજ વિહાન મહેતા નામની વ્યક્તિએ ભારત આવવાની અને ભારતમાં ક્લીનીક ખોલવાની વાત કરી હતી. જેમાં ભારતમાં મેડીકલ એશોસિએશન તરફથી સેક્શન થયેલ ડોક્યુમેન્ટ નેધરલેન્ડ મેડીકલ યુનિવર્સિટી તરફથી શીપીંગ કંપની મારફતે ભારત મોકલવાના હોવાથી ભારતમાં કોઈ સગા-સંબંધી ન હોવાનુ કહી આ યુવતીનુ સરનામુ મેળવી લીધુ હતુ. ત્યારબાદ તા.૦૧/૦૬/૨૦૨૧ ના રોજ આ યુવતીને મોબાઈલ નંબર ૯૧૯૫૬૦૪૧૪૮૧૨ ના ધારકે જણાવેલ કે તમારે ગીફ્ટ આઈટમ પાર્શલ છોડાવવા રૂપિયા ૩૨,૭૦૦/- ભરવા પડશે તેમ જણાવતા આ યુવતીએ ગુગલ પે થી આપેલ ખાતા નંબરમાં પૈસા ભરી દીધા હતા. ત્યારબાદ ફરી ફોન કરી પાર્શલમાં ફોરેન કરંસી હોઈ ઈન્સ્યોરન્સ પેટે રૂપિયા ૧,૦૫,૫૦૦/- પણ યુ.પી.આઈ.થી ભરાવડાવ્યા હતા. આમ કુલ મળી રૂપિયા ૧,૩૮,૨૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

વસ્ત્રાપુર : કનૈયાલાલ શંકરલાલ મોઢ (ઉ.વ.૭૧)(રહે,આલય એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર બસ સ્ટેન્ડ સામે, એલ.જે.કોલેજ રોડ વસ્ત્રાપુર) એ તા.૨૪/૦૭/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૩૦ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૬૯૭૭૫૫૧૬૭ અને ૮૩૧૭૮૫૦૭૨૧ ના ધારકે કનૈયાલાલના મોબાઇલ ફોન પર એસ.બી.આઇ. બેંકમાંથી બોલુ છુ તમારુ કેવાયસી અપડેટ કરવાનુ કહી કનૈયાલાલના બેંક ખાતામાંથી અલગ-અલગ બે ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મેળવી લઇ કનૈયાલાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.આર.વાઘેલા છે.

નરોડા : હર્ષદકુમાર કેશવલાલ પરમાર (ઉ.વ.૫૦)(રહે.આગમન રેસીડેન્સી, તક્ષશીલા ફ્લેટની પાછળ, દહેગામ રોડ, નરોડા) એ તા.૨૪/૦૭/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતે “કરણ નેટ ટેક્નોલોજી” નામની ઓફીસ ધરાવી ઓનલાઇન વર્ક કરતા હોઇ તા.૦૯/૦૬/૨૦૨૧ થી તા.૧૫/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૮૫૩૭૮૯૬૩૧ ના ધારકે હર્ષદકુમારને વોટસએપ મેસેજ કરી “Eshop job” નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી, પોતાની કંપની એમેઝોન સાથે કનેક્ટ છે અને તમારે ઘરે બેઠા ઓર્ડર કન્ફર્મ કરવાના છે. જેનુ તમોને કમિશન મળશે તેવી વાત કરી, એકવાર કમિશનની રકમ આપી હર્ષદકુમારને વિશ્વાસમાં લઇ વધુ કમિશન કમાવવાની લાલચ આપી easypay.575568053@icici અને “poizxc456@icici” તેમજ “bhawani16300@axl” નામની યુ.પી.આઇ. આઇ.ડી. માં ઓર્ડરની અલગ-અલગ રકમ ભરાવી કુલ રૂપિયા ૫૯,૫૦૦/- મેળવી લઇ હર્ષદકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.ખાંભલા છે.

ચોરી :- સમાચાર યાદી નં.૧૩૪૬/૨૦૨૧

રામોલઃ જગદીશભાઇ જયંતીભાઇ બારોટ (રહે. મહીનગર સોસાયટી ગૌત્રી ગાયત્રીનગર રોડ વડોદરા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૩ વાગ્યાના સુમારે રામોલ સી.ટી.એમ બરોડા એક્ષપ્રેક્ષ હાઇવે એસ.ટી બસ સ્ટેન્ડ ખાતે અજાણી વ્યક્તિએ જગદીશભાઈ બારોટના શર્ટના ખિસામાંથી એપલ કંપનીનો આઇ-ફોન ૧૧ પ્રો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

<u>બીજા માળેથી પડી જતા મૃત્યુ :-</u> **<u>સમાચાર યાદી નં.૧૩૪૭/૨૦૨૧</u>**

વસ્ત્રાપુરઃ સપનાબહેન ડો/ઓ સુરેશભાઇ હઠીલા (ઉ.વ.૧૭) (રહે.પી.એસ.પી.કોલોનીની બાજુમાં જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ પાસે, લેબર કોલોનીમા, વસ્ત્રાપુર) તા.૨૩/૦૭/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે શીલ્પ સાલીગ્રામ કંસ્ટ્રક્શન સાઇડ ખાતે બીજા માળેથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી